# નહેમ્યાની ધાર્મિક સુધારણા

## (ફાધર વર્ગીસ પોલ)

ઈ.સ. પૂર્વે 597માં યરુશાલેમનું પતન થયું ત્યારે યહુદાને પરાજિત કરનાર બાબિલના રાજા નબૂખદનેસ્સરે યરુશાલેમથી અને આખા યહૂદામાંથી ઘણા યહૂદીઓને બાબિલમાં દેશનિકાલ કર્યા હતા. આશરે સોએક વર્ષથી બાબલિમાં દેશવટો ભોગવી રહેલા યહૂદી લોકોમાંનો એક આગેવાન હતો હખાલિયાનો દીકરો નહેમ્યા.

ઈ.સ. પૂર્વ 539માં બાબિલ ઉપર ચડાઈ કરીને પારસના રાજા કોરેશે બાબિલનો પરાભવ કર્યો. તેઓ બાબિલની લઘુમતી પ્રજા યહૂદીઓ સાથે સારી રીતે વર્તવા લાગ્યા. એટલું જ નહિ, પણ એના અમલના એકાદ વર્ષમાં રાજાએ જે યહૂદીઓને પોતાના મૂળ વતનમાં પાછા જવાની ઈચ્છા હોય તેમને પાછા જવાની પરવાની આપી અને યહૂદી લોકોને રાજ્યમાં ઉચ્ચ હોદ્દા પર નિમણૂંક પણ આપવા માંડી.

પારસના રાજા આર્તાહશાસ્તાના પાટનગર સૂસામાં નહેમ્યા રાજાના ભોજનગૃહ અને દારૂના મુખ્ય બટલર હતો. એક દિવસ નહેમ્યાના એક ભાઈ હનાની અને બીજા કેટલાક માણસોએ યહૂદાથી પરત આવીને દેશવટામાંથી યહૂદામાં પરત ફરેલા લોકોની ભારે મુસીબતો અને દયનીય સ્થિતિની વાત કરી. પોતાના લોકોની મુસીબતોની વાત થી ખૂબ અફસોસ થયેલા નહેમ્યાનું વીલું મો જોઈને રાજાએ એને પૂછ્યું. “તું આવો ઉદાલ કેમ દેખાય છે? તું માંદો તો છે નહિ, એટલે જરૂર તારા મનમાં કંઈ દુઃખ હોવું જોઈએ.”

નહેમ્યાએ રાજા આર્તાહશાસ્તાનાને દેશવટામાંથી પરત ફરેલો પોતાની જાતભાઈઓની ભારે મુસીબતો અને યરુશાલેમના પડી ભાંગેલા કોટની વાત કરી અને રાજા પાસે પોતાના વતનની મુલાકાત લેવાની પરવાનગી માગી. આ પ્રસંગ ઈ.સ. પૂર્વે 445માં બન્યો હતો. નહેમ્યા સાથે હમદર્દી ધરાવનાર રાજાએ એને પોતાના વતનમાં પરત જવાની પરવાનગી આપી. અને રાજ્યના જંગલ ખાતાના અધિકારીઓને પત્ર લખીને નહેમ્યાને યરુશાલામના બાંધકામ માટેનાં લાકડાં પૂરા પાડવાનો આદેશ પણ આપ્યો. અધૂરામાં પૂરું રાજાએ નહેમ્યાને હજારો કિલોમીટરની લાંબી મુસાફરીની સલામતી માટે લશ્કરના અમલદારો અને ઘોડેસવારો પણ સાથે મોકલી આપ્યા.

નહેમ્યાએ યરુશાલેમ પહોંચ્યા પછી સૌ પ્રથમ છૂપી રીતે કોટની ખંડિયેર અવસ્થાનો ખ્યાલ મેળવ્યો. પછી તેણે લાગતાવળગતા સૌ અમલદારો, પુરોહિતો, સત્તાવાળાઓ અને અન્ય યહૂદી આગેવાનોને કહ્યું, “તમે જુઓ છો કે આપણે કેવી મુશ્કેલીમાં છીએ. યરુશાલેમ ખંડિયેર થઈ ગયું છે. અને દરવાજા બાળી મૂકવામાં આવ્યા છે. ચાલો, આપણે યરુશાલેમનો કોટ ફરી બાંધીએ.” અને તેઓ બધા નહેમ્યાની આગેવાની હેઠળ હોંશે હોંશે એ શુભકાર્ય કરવા મંડી પડયા. દરેક સારા કામમાં ઘણા અંતરાયો હોય છે. તેમ નહેમ્યાને પણ કોટ અને મંદિરના સમારકામમાં વિરોધીઓનો સામનો કરવો પડયો.

જ્યારે હોરોનના સન્બલાટને, રાજાના અમ્મોની અમલદાર ટોબિયાનો તેમજ આરબગશમને જાણ થઈ કે, યરુશાલેમના કોટની મરામતનું કામ આગળ વધી રહ્યું છે અને કોટમાં પડેલાં ગાબડાં પુરાવા માંડયા છે ત્યારે તેઓ ખૂબ ગુસ્સે થઈને સમારકામ કરતા લોકોની મશ્કરી કરવા લાગ્યા અને તેમણે હુમલો કરી કોટનું કામ અટકાવવાનો ત્રાગડો રચ્યો. આ વાત જાણી નહેમ્યાએ પોતાના માણસોને કામ કરવા સાથે ચોરી કરવા માટે ભાલા, ઢાલ, તીરકામઠાં જેવા હથિયારો પણ પૂરાં પાડયાં. એટલે માણસોમાંના અડધા કામ કરતા અને બાકીના લોકો ચોકી કરતા. આ તબક્કાનું વર્ણન કરતાં નહેમ્યાએ નોંધ્યું છે કે. "હું કે મારા સાથીઓ, કે મારા નોકરો કે અંગરક્ષકો કોઈ કદી કપડાં ઉતારતા નહિ અને દરેક જણ જમણો હાથ હથિયાર પર જ રાખતો."

આમ એક બાજુ કોટનું સમારકામ ચાલતું હતું તો બીજી બાજુ યહૂદી લોકોએ નહેમ્યાને પોતાના જાતભાઈઓ વિરુદ્ધ જાતજાતના સામાજિક અન્યાયની ફરિયાદ કરી. કેટલાક કહેવા લાગ્યા કે, "અમે છોકરાંછૈયાં સાથે ઘણાં છીએ. અમારે જીવતા રહેવા માટે ખાવા અનાજ જોઈએ! બીજા કહેવા લાગ્યા કે, "દુકાળમાં અનાજ મેળવવા માટે અમારે અમારાં ખેતરો, દ્રાક્ષની વાડીઓ અને ઘર ગીરો મૂકવાં પડે છે!" તો બીજા કેટલાક એમ કહેવા લાગ્યા કે, "અમારે રાજાનો કર ભરવા માટે અમારાં ખેતરો અને દ્રાક્ષની વાડીઓ ઉપર નામાં ઉપાડવા પડે છે."

લોકોની લેણાંદેણાં વિકટ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે નહેમ્યાઓ પોતાનો દાખલો આપીને લોકોનું બધું લેણું જતું કરવાની અને કશું વસૂલ ન કરવાની પ્રતિજ્ઞા પુરોહિતોની હાજરીમાં બધા લોકો પાસે લેવડાવી.

નેહમ્યા હંમેશા પોતાની જાતનો દાખલો બેસાડીને લોકોને આગેવાની પૂરી પાડતો હતો. દાખલા તરીકે નહેમ્યા યહૂદામાં સૂબો નિમાયો ત્યારથી બાર વર્ષ સુધી લોકોને બોજારૂપ થઈ ન જવા માટે લોકો પાસેથી પોતાના અને પોતાના કુટુંબીજનોના ભોજનખર્ચ લેતો નહોતો.

નહેમ્યાની લોકપ્રિયતા અને કોટના સમારકામની પ્રગતિ જોઈને એના વિરોધીઓએ એની સામે હુમલો કરવાનો વિચાર માંડી વાળીને એને કોટ બહાર નિર્ધારિત જગ્યા પર સંવાદ અને વાટાઘાટો માટે બોલાવ્યો. એમાં નહેમ્યાના વિરોધીઓનો ઈરાદો એનું કાસળ કાઢવાનો હતો. પરંતુ નહેમ્યાએ એમને મળવા જવાની ચોખ્ખી ના પાડી. એટલે એમના વિરોધીઓ એને ધમકી આપતાં અફવાઓ ફેલાવવા માંડયા કે, "કોટ બાંધીને નહેમ્યા પોતે યહૂદાનો રાજા થવાનો છે. અને એ વાત રાજાને કાને પહોંચશે."

પણ નહેમ્યાએ એના વિરોધીઓથી ડર્યા વિના પોતાનું કામ વધુ જોરથી ચલાવવા માંડયું. ઘણી મુસીબતો વચ્ચે કોટનું મરામતકામ બાવન દિવસમાં પૂરું થયું. પછી તેણે કોટની અંદર શહેરનાં વિવિધ કામો દ્વારપાળો, સંગીતકારો અને લેવીઓની નિમણૂંક કરી અને યરુશાલેમનો વહીવટ એના એક સૌથી વિશ્વાસપાત્ર સંબંધી હનાનીને સોંપી દીધો.

પછી નહેમ્યાએ કોટની અંદર શહેરની વસ્તી વધારવાનો પ્રયત્ન કર્યો. એમાં દેશવટાથી સૌથી પહેલાં પરત ફરેલા યહૂદી લોકોની યાદી નહેમ્યાને મળી અને એનો ઉપયોગ કરીને યહૂદાના દરેક દસ માણસમાંથી એક જણને યરુશાલેમમાં આવી શહેરના કોટ વિસ્તારમાં વાસ

કરવાનું નિમંત્રમ આપ્યું. નહેમ્યા ગ્રંથે નોંધ્યું છે કે, "લોકોના બધા આગેવાનો યરુશાલેમમાં વસ્યા અને બાકીના લોકોમાંથી દસે એક માણસ પવિત્ર નગરી યરુશાલેમમાં આવીને વસે એવું ઠરાવ્યું."

પછી નહેમ્યાની આગેવાની હેઠળ કોટના વાસ્તુપૂજનની ભવ્ય ઉજવણી થઈ. કોટના વાસ્તુપૂજન વખતે તેણે યરુશાલેમની આસપાસનાં ગામોમાંથી પણ લોકોને ભેગા કર્યા. યરુશાલેમમાં ભેગા થયેલા લોકો બે ભજનમંડળીમાં વહેંચાઈ જઈને બંને ભજનમંડળીઓ સામસામેની દિશામાં શહેરમાં ફરીને છેલ્લે મંદિરમાં ભેગી મળી. તે પ્રસંગે પુષ્કળ બલિ ચડાવવામાં આવ્યા અને બધા લોકો આનંદમાં હતા. તે દિવસે યરુશાલેમના આનંદોત્સવનો અવાજ દૂર દૂર સુધી સંભળાતો હતો.

ઈ.સ.પૂર્વે 433માં યરુશાલેમમાં પૂરા બાર વર્ષ ગાળ્યાં પછી નહેમ્યા પારસ દેશમાં પરત ગયો અને રાજા આર્તાહશાસ્તાનાને મળ્યો. નહેમ્યાના ગયા પછી શરૂઆતમાં યહૂદા અને યરુશાલેમમાં બધું બરાબર ચાલતું હતું. પરંતુ સમયના વહેણમાં સામાજિક વ્યવહાર અને ધર્માચરણમાં અમુક સડો માંડયો. લોકો વિશ્રામવારનો ભંગ કરી ધંધો-વ્યવહાર કરતા હતા.

નહેમ્યા પારસ પરત ફર્યાના થોડા સમય પછી ફરી યરુશાલેમ આવ્યો. લોકોમાં પેસી ગયેલા દુરાચારો જોઈને નહેમ્યાને ખૂબ દુઃખ થયું અને તેણે નવા સુધારા દાખલ કર્યા. નહેમ્યાને ખબર પડી કે પુરોહિત એલિયાશિબે યરુશાલેમના એક પૈસાદાર માણસ ટોબિયાને માટે ઈશ્વરના મંદિરના ચોકમાં ઓરડો રાઝી આપીને દુષ્ટ કૃત્ય કર્યું હતું. આથી ગુસ્સો કરીને નહેમ્યાએ ટોબિયાની ઘરવખરી ઓરડામાંથી બહાર ફેંકી દીધી. ઓરડાની શુદ્ધિ કરવાની આજ્ઞા ફરમાવી અને મંદિરમાં પૂજાની સામગ્રી, અનાજ અને ધૂપ મુકાવી દીધાં.

વળી નહેમ્યાએ યહૂદામાં લોકોને વિશ્રામવારે દ્રાક્ષ ગૂંદતા જોયા. તેમજ બીજા લોકોને અનાજ, દ્રાક્ષાસવ, દ્રાક્ષ, અંજીર અને બીજો બધો માલ ગધેડા ઉપર લાદીને વિશ્રામવારે યરુશાલેમ લાવતા જોયા. વિશ્રામવારનો ભંગ કરવા કોઈ ધંધો-વ્યવહાર ન ચાલે એ માટે નહેમ્યાએ વિશ્રામવારના પૂરા સમય દરમિયાન યરુશાલેમના દરવાજા બંધ કરીને દરવાજા આગળ પોતાના માણસોને ગોઠવી દીધા.

તે અરસામાં નહેમ્યાએ જોયું કે યહૂદી લોકો પોતાની આસપાસ રહેતા અશ્દોદ, અમ્મોન અને મોઆબ જેવી પ્રજાઓ સાથે લગ્નવ્યવહાર રાખતા હતા. અનેક યહૂદીઓ પરજ્ઞાતિની સ્ત્રીઓને પરણ્યા હતા અને એમનાં બાળકો પરજ્ઞાતિની ભાષા બોલતાં હતાં. ધર્મસુધારણામાં નહેમ્યાએ લોકોને પરદેશી સ્ત્રીઓ સાથે લગ્ન ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી. નહેમ્યાએ લોકોને સમજાવ્યું કે ઈસાયલના રાજા શલોમોન જેવા વડવાઓએ વિદેશી સ્ત્રીઓને ન પરણવાનો નમૂનો પૂરો પાડવા માટે નહેમ્યાએ વિદેશી સન્બલાટની દીકરી જોડે લગન કરનાર વડાપુરોહિત એલિયાશિબના પૌત્રને જ્ઞાત બહાર કાઢી મૂકયો.

નહેમ્યા હંમેશાં આગ્રહ રાખતો હતો કે પોતાનાં બધાં સેવાકાર્યો અને ધાર્મિક સુધારણા માટે ઈશ્વર પ્રભુ એને યોગ્ય બદલો આપે. એટલે તે હંમેશાં પોતાનાં સેવાકાર્યો વચ્ચે પ્રાર્થના કરતો હતો અને એનાં સંસ્મરણોરૂપે નહેમ્યા ગ્રંથનો અંત પણ એક પ્રાર્થનાથી થાય કે, "ઓ મારા ઈશ્વર, મને યાદ કરી મારું ભલું કરજે."